સત્યમેવ જયતે

રજુ તારીખ : ૧૯/૧૨/૨૦૨૨
દાખલ તારીખ : ૧૯/૧૨/૨૦૨૨
ફેંસલ તારીખ : ૧૦/૦૨/૨૦૨૩
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
૦૦ ૦૧ ૨૨

**<u>આમોદના મહે.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.જજ સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુકામ–આમોદ.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૧૫૨૨/૨૦૨૨</u>**
**<u>આંક</u>** :–

**<u>ફરીયાદી:–</u>** સરકારશ્રી,

–––– વિરુધ્ધ ––––

**<u>આરોપી :–</u>** **હસમુખભાઈ ઉર્ફે વિક્રમ રમણભાઈ વસાવા,**
રહે.સમીયાલા, તા.આમોદ,જી.ભરૂચ.

==================================================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.દેસાઈ
આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી એન.એચ.પટેલ

==================================================================

**<u>પ્રોહીબીશન એકટ કલમ : ૬૫(એ)(એ) મુજબ...</u>**

**<u>– :: ઠરાવ :: –</u>**

(૧) ફરિયાદી પક્ષનાં કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના તહોમતદારે પોતાના અંગ કબજામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દારૂ લીટર–૩, કિ.રૂ.૬૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ) મુજબ ગુન્હો કરેલ હોવાથી આમોદ પો.સ્ટેશન માં ગુના રજી.નં. ૧૧૧૯૯૦૦૩૨૧૧૪૦૧/૨૦૨૧ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે મુજબનાગુન્હાનું ચાર્જશીટ ત.ક.અ. દ્રારા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૦૭ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ આરોપી સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે અને ત્યારબાદ આરોપીનું આંક–૪

થી નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) આ કામમાં ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **-:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::-** | | |
|---|---|---|
| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
| ૧. | પંચ સાહેદ શૈલેષભાઈ બેચરભાઈ પરમારની જુબાની | ૦૫ |
| ૨. | પંચનામું | ૦૬ |
| ૩. | પંચ સાહેદ મગનભાઈ શનાભાઈ સોલંકીની જુબાની | ૦૭ |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાક્ષીઓ એવા પંચોને તપાસ્યા બાદ હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ હોય તથા આરોપીનું વિશેષ નિવેદન લેવા જેવો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે પોતાના અંગ કબજામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દારૂ લીટર-૩, કિ.રૂ.૬૦/- નો વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ જઈ પ્રોહીબીશન એકટ કલમ-૬૫(એ)(એ)નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-:: કા ર ણો ::-**

**મુદા નં.૧ :-**

(૭) સબબ કામે ફરીયાદપક્ષના પંચ સાહેદોને તપાસવમાં આવેલ છે, સદર પંચ સાહેદો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સીવાય પંચનામાની વિગતો વિશે તેમને કોઈ જાણ નથી, વળી એ સ્વીકાર કરેલ છે કે, પંચનામાની હકીકત તેમને ખબર નથી, પંચનામું શેનું છે તે પણ તેઓને ખબર નથી.

(૮) સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો, સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો છે તે સીવાયના તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે. પંચોએ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પટેલ (૧૯૭૯ ક્રી.લો.જ. મહા.૪૨૧)** માં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો દ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંધપરની જુબાની પર આધાર રાખી શકાય નહી. તથા નામ. ગુજરાત ઉચ્ચ અદાલતના **THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) 2016 (4) GLR 31** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, fnding recorded by the learned trial court is just and proper."*

(૯) આમ, આ કામે રજૂ થયેલ પંચનામાના બંને પંચોએ ફરીયાદપક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી. રેકર્ડ ઉપર રજુ થયેલા તમામ પુરાવા જોતા આરોપી પાસેથી જ મુદામાલ દારૂ પકડાયેલ હોય તે હકીકત સાબિત થતી નથી. તેથી આ કામના આરોપી સામે ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય, આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબનો ગુન્હો ફરીયાદપક્ષ નિ:શંકપણે શંકાથી પર સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ હોય જેથી તેઓને નિર્દોષ છોડી મુકવાનુ ન્યાયોચીત

જણાય આવે છે. જેથી, મુદા નં.૧ નો જવાબ નકારમા આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: **હુ ક મ** ::

(૧) આ કામના આરોપી **હસમુખભાઈ ઉર્ફે વિક્રમ રમણભાઈ વસાવા,** રહે.સમીયાલા, તા.આમોદ, જી.ભરૂચ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ– ૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૨/૨૦૨૩
મુ.આમોદ

**(કુલદીપ મુકેશકુમાર ગઢવી)**
જ્યુડી.મેજી.ફ.ક., આમોદ.
જજ કોડ જીજે૦૧૫૫૫